# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web :- www.suratdeo.org

જા.ન./પગારડેટા/ડિસેમ્બર/૨૦૨૪/16151 તા. ૩૦/૧૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓ
સુરત, જિલ્લો-સુરત

વિષય :- માહે ડિસેમ્બર -૨૦૨૪ પેઈડ ઈન જાન્યુઆરી -૨૦૨૫ માટે પગાર ડેટા વિગતો રજૂ કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરીનાં નિયંત્રણ હેઠળની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓના કર્મચારીઓના માહે ડિસેમ્બર -૨૦૨૪ પેઈડ ઈન જાન્યુઆરી -૨૦૨૫નાં પગાર ડેટા નીચે મુજબ સમય/તારીખ અને સ્થળે સ્વીકારવામાં આવશે તે મુજબ સમયમર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ~~૦૩/૦૧/૨૦૨૫~~ ૦૩/૧૨/૨૦૨૪ | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |
| ૨ | ~~૦૪/૦૧/૨૦૨૫~~ ૦૪/૧૨/૨૦૨૪ | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |

## પગાર ડેટા રજૂ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે

- જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શાળાઓ, સંસ્કૃત પાઠશાળાઓએ મહેકમ પત્રક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનું અલગ અલગ બે નકલમાં કેમ્પના સ્થળે રૂબરૂમાં રજૂ કરવાનું રહેશે.
- સુરત જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જે કોઈ કર્મચારીઓનાં નવા સી.પી.એફ.(C.P.F) નંબર ફાળવવામાં આવેલ હોઈ, તેવાં કર્મચારીઓનાં સી.પી.એફ. નંબર ઉપર કપાત કરવાનાં ડેટા રજુ કરતાં પહેલા ફરજીયાતપણે પગારશાખામાં સદર કર્મચારીઓનો સી.પી.એફ. નંબરનું મેપીંગ થયેલ છે કે કેમ? તથા સી.પી.એફ. નંબર એક્ટીવ થયેલ છે કે કેમ ? PRAN કીટ નંબર આવેલ છે કે કેમ ? તે ચેક કરાવ્યા બાદ જ જરૂરી આધારો સાથે RT FORM-1 ડેટાપત્રક રજૂ કરવાનું રહેશે.જેની ખાસ નોંધ લેશો.
- નિવૃત થતા કર્મચારીઓની જી.પી.એફ. કપાત તેમના જન્મના માસથી ત્રણ માસ અગાઉ કપાત ફરજિયાત બંધ કરવાની રહેશે. જો સમયમર્યાદામાં G.P.F કપાત બંધ કરવામાં આવશે નહિ તો વ્યાજ સંબંધિત કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેશો.
- પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજૂ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજૂ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજૂ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી લેટર આપી મોકલવાનાં રહેશે. પગાર

સબંધિત કામગીરી ન સંભાળતા કર્મચારી દ્વારા ડેટા રજૂ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ. જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.

- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.
- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર, બજેટ કોડ, ડેટા ટાઈપ, કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે. તેમજ એક કરતા વધુ કર્મચારી હોય તો ચઢતા ક્રમમાં કર્મચારીની વિગતો આપવાની રહેશે. જેની નોંધ લેશો.
- માહે નવેમ્બર-૨૦૨૪ નું ઓનલાઈન બીલની પ્રિન્ટ કાઢી તેનો સંપૂર્ણ અભ્યાસ કરી પગાર ડેટા રજુ કરવાનાં રહેશે. ડેટા રજુ કર્યા બાદ તેમાં સુધારા વધારા થઈ શકશે નહિ. સમયમર્યાદા બાદ ડેટા સ્વીકારવામાં આવશે નહિ.

નોંધ :- કર્મચારીનો એમ્પલોય નંબર લખ્યા બાદ ચકાસણી કરી ડેટા રજૂ કરવાના રહેશે અન્યથા ડેટા બાબતે જે પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

નકલ રવાના : જાણ તથા જરૂરી વ્યવસ્થા કરવા સારુ.

૧. આચાર્યશ્રી, ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત
૨. આચાર્યશ્રી, જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત